KALPA-TARU POWER TRANSMISSION LIMITED

| | | | |
|---|---|---|---|
| | | **Date** | 30-12-2023 |
| **HeadLine:** | Kpil Awarded New Orders Of Rs 3,244 Crores | | |
| **Newspaper:** | Prabhat Daily | **Language:** | Gujarati |
| **Journalist:** | | **Edition:** | Ahmedabad |
| **Page No.** 3 | **Position:** Centre | **Height:** 7 | **Column:** 2 |

# કેપીઆઈએલે રૂ. ૩,૨૪૪ કરોડના નવા ઓર્ડર્સ મેળવ્યાં

ભારતમાં લિસ્ટેડ સૌથી મોટી એન્જિનિયરીંગ અને કન્સ્ટ્રક્શન કંપનીઓ પૈકીની એક કલ્પતરૂ પ્રોજેક્ટ્સ ઇન્ટરનેશનલ લિમિટેડ (કેપીઆઈએલ)એ તેના સંયુક્ત સાહસો (જેવી) અને આંતરરાષ્ટ્રીય પેટા કંપનીઓ સાથે મળીને રૂ. ૩,૨૪૪ કરોડના નવા ઓર્ડર/નોટિફિકેશન મેળવ્યાં છે.

ઉપરોક્ત નવા ઓર્ડર્સની વિગતો નીચે મૂજબ છે:

- બિલ્ડિંગ્સ એન્ડ ફેક્ટરીઝ (બીએન્ડએફ) બિઝનેસમાં ઓર્ડરમાં પ્રતિષ્ઠિત ડેવલપર પાસેથી અંદાજે ૧૩ મિલિયન ચોરસફૂટ બિલ્ડ-અપ એરિયા સાથે દક્ષિણ ભારતમાં વિશાળ રેસિડેન્શિયલ બિલ્ડિંગના બાંધકામ માટે કેપીઆઈએલનો અત્યાર સુધીનો સૌથી મોટો ડિઝાઈન અને બિલ્ડિંગ કોન્ટ્રાક્ટ સામેલ છે
- અન્ડરગ્રાઉન્ડ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનનો ઓર્ડર ટીબીએમ ટનલિંગ સ્કોપ સાથે ઈલેક્ટ્રિક મોબિલિટી બિઝનેસમાં કેપીઆઈએલના પ્રવેશને દર્શાવે છે
- વિદેશી બજારોમાંથી ટ્રાન્સમીશન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) બિઝનેસમાં ઓર્ડર

કેપીઆઈએલના એમડી અને સીઈઓ મનિષ મોહનોતે કહ્યું હતું કે, "અમે વિવિધ બિઝનેસમાં વ્યૂહાત્મક ઓર્ડર મેળવ્યાની જાહેરાત કરતાં ઉત્સાહિત છીએ. અન્ડરગ્રાઉન્ડ મેટ્રો રેલ ટનલિંગ પ્રોજેક્ટમાં અમારો પ્રવેશ ટકાઉ શહેરી માળખાકીય વિકાસ પ્રત્યેની અમારી કટીબદ્ધતાને પુનઃદર્શાવે છે. અમારા બીએન્ડએફ બિઝનેસમાં ડિઝાઈન એન્ડ બિલ્ડ ધોરણોને આધારે પ્રતિષ્ઠિત ડેવલપર પાસેથી દક્ષિણ ભારતમાં વિશાળ રેસિડેન્શિયલ બિલ્ડિંગ પ્રોજેક્ટ માટેનો અમારો અત્યાર સુધીનો સૌથી મોટા ઓર્ડર આ ક્ષેત્રે અમારા નેતૃત્વને વધુ મજબૂત કરે છે. આ મોટા ઓર્ડરમાં એન્જિનિયરીંગ સ્કોપ સામેલ છે, જે બિઝનેસના વિવિધ પોર્ટફોલિયોમાં અમારી સતત વિકસતી ક્ષમતાઓને પ્રદર્શિત કરે છે."

મનિષ મોહનોતે ઉમેર્યું હતું કે, "નાણાકીય વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં અમારા ઓર્ડર ઈનફ્લો હવે અંદાજે રૂ. ૧૭,૬૮૫ કરોડ છે, જે ટકાઉ ભાવિ વૃદ્ધિ માટે મજબૂત આધાર પ્રદાન કરે છે."

radar

Business Critical Information